# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૮ /૫/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરમાં જીએસટી ઉપર હેતુલક્ષી સેમિનાર યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઓરો યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ગત શનિવારે, તા. ૨૫ મે ૨૦૧૯ના રોજ નાનપુરા સમૃદ્ધિ ખાતે જીએસટી ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કિશોરચંદ્ર ઘીવાલાએ જીએસટીના કાયદામાં રિફંડ અંગેની સમજ આપી હતી. જયારે એડવોકેટ શ્રી રોહન દેસાઇએ જીએસટીના રિફંડ અંગેની ફાઇલીગ પ્રોસેસ તથા તેને લગતા પ્રશ્નો અને નિરાકરણ માટેની માહિતી આપી માર્ગદર્શન પૂરુ પાડયુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, રીફંડની સમસ્યા કયા અટકી છે અને તથા ભવિષ્યમાં આ સમસ્યાઓને કઈ રીતે નાથી શકાય તેની સમજ માટે આજનો સેમિનાર યોજાયો છે. જીએસટી અવેરનેસ માટે ચેમ્બરમાં આવનારા દિવસોમાં આખી સિરીઝ યોજાશે.

વકતા શ્રી કિશોરચંદ્ર ઘીવાલાએ જીએસટીના કાયદામાં રિફંડ અંગેની સમજ આપતા જણાવ્યુ હતુ કે, કાયદા મુજબ કોઇપણ વ્યકિત જેને પાસેથી વધારે ટેક્સ વસૂલ થયો હોય તે રિફંડ માટે અરજી કરી શકે છે અને રિફંડનો દાવો કરવા માટે નોંધણી નંબર હોવાનું જરૂર નથી. કલમ ૫૪માં જણાવ્યા મુજબના સંજોગોમાં વેરાનું રિફંડ મળી શકે છે. જેમાં મુખ્યત્વે ઝીરો રેટેડ સપ્લાય એટલે કે એક્ષ્પોર્ટ વિગેરે તથા ઇન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચર એટલે કે ઇનપુટ ટેક્સ કરતા આઉટપુટ ટેકસના વેરાનો દર ઓછો હોય તે તથા તેમાં ખોટી રીતે ભરાયેલા વેરાના રિફંડનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ઇન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચરમાં ફકત માલ અંગે જોગવાઇ કરવામાં આવી છે. એટલે કે સેવા અંગે કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. રિફંડનો દાવો લાગુ પડતી તારીખથી બે વર્ષ સુધીમાં કરવાનો હોય છે. વેરો ભર્યા વગરના એકસપોર્ટ અંગે લેટર ઓફ અન્ડરટેકીંગ રજુ કરવામાં મોડુ થયુ હોય પણ ખરેખર એકસપોર્ટ થયો હોય તો માત્ર વિલંબદર ભરવાને પાત્ર થાય છે તથા માલના એકસપોર્ટ અંગે ફોરેન એકસચેન્જ મળેલ હોવાનું જરૂરી નથી. તેમણે બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલ વિવિધ જાહેર પરીપત્રો તથા જાહેરનામાની પણ માહિતી આપી હતી.

વકતા શ્રી રોહન એચ. દેસાઇએ જીએસટીના રિફંડ ફાઇલીગ પ્રોસેસ તથા તેને લગતા પ્રશ્નો અને નિરાકરણ માટેની સમજ આપી હતી. તેમણે એક્ષ્પોર્ટને લગતા રિફંડોના પ્રશ્નો તથા તેના નિરાકરણની માહિતી આપી કાપડ ઉદ્યોગને લગતી રિફંડની સમજ આપી હતી. સરકાર તરફથી ઉઠાવવામાં આવતા પ્રશ્નો અને તેના જવાબો કઈ રીતે આપવા તથા વિવિધ સકર્યુલરનો કઈ જગ્યાએ ઉપયોગ કરવો તે બાબતે માહિતી આપી હતી.

તેમણે રિફંડની ગણતરી કઈ રીતે કરવી અને કઈ – કઈ રકમનો સમાવેશ કરવો તથા કઈ રકમનો સમાવેશ નહી કરવો તેની સ્પષ્ટતા કરી હતી. સાથે જ ઇનપુટ ક્રેડીટ તથા ટર્નઓવરમાં કરવામાં આવતી બાદબાકી વિશે સમજ આપી હતી. તેમણે સરકારી કચેરીમાં અરજીઓ રજુ કર્યા બાદ આગળની પ્રક્રિયા કઈ રીતે કરવામાં આવે છે તથા નોટીસો અંગેની પ્રોસિજર કેટલા દિવસમાં પૂર્ણ કરવાનું કાયદામાં નિર્ધારીત કરવામાં આવ્યુ છે તે વિશેની ઉંડાણપૂર્વક માહિતી આપી હતી.

સેમિનારમાં ઓરો યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર ડો. મેઘના ડાંગીએ પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન શ્રી જિગીશ મોદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.